જામનગર મહાનગરપાલિકા સંચાલિત

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ – જામનગર

જયુબિલી ગાર્ડન, ફાયર બિલ્ડીંગની બાજુમાં,મહાનગરપાલિકા કમ્પાઉન્ડ

સ્થાપના વર્ષ:–૦૪–૦૭–૧૯૬૬

Website:-http://npssjamnagar.in Email:--aomsb.jamnagar1@gmail.com ☎ (0288)2676631

મકમ/જફબ/ઓફલાઈન/2026-27/ 8382-8437 તા. 17/07/2026

પ્રતિ,

(૧) માન. જીલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (સબંધિત)
જીલ્લા શિક્ષણ સમિતિ- તમામ

(૨) માન. શાસનાધિકારીશ્રી ( સબંધિત )
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ – તમામ

વિષય: જીલ્લાફેર બદલી કેમ્પ-૨૦૨૬(ઓફલાઈન) ના બીજા તબક્કાના આયોજનની જાણ કરવા બાબત.

સંદર્ભ : ૧. માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરની કચેરીના પત્રક્રમાંક: DPE/0824/3/2026,તા.31/03/2026.
૨. માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરની કચેરીના પત્રક્રમાંક: DPE/0773/04/2026,તા.30/04/2026.
૩. માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરની કચેરીના પત્રક્રમાંક: DPE/0604/07/2026, તા.16-07-2026.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભપત્ર ૧ થી ૩ અન્વયે પ્રાથમિક શિક્ષકો માટે જીલ્લા ફેરબદલી નો બીજો તબક્કો કરવા સુચના થઈ આવેલ છે. શિક્ષણ વિભાગનાતા.૧૧-૫-૨૦૨૩નાં બદલી ઠરાવ અને તેમાં થયેલ વખતો વખતનાં સુધારાની જોગવાઈઓ તેમજ રાજ્યની વખતોવખતની સૂચનાઓને ધ્યાને લઈને નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળે અન્ય જીલ્લા / નગરપાલિકામાંથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ –જામનગરમાં આવનાર શિક્ષકો માટે જિલ્લાફેરબદલી કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં આપના જીલ્લા /નગરપાલિકા માંથી આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ મુજબના શિક્ષકશ્રીઓને આપની કક્ષાએથી જરૂરી આધાર પુરાવા સાથે કેમ્પમાં ઉપસ્થિત રહે તે અંગે જાણ કરવા વિનંતી છે.

| જિલ્લાફેરબદલીકેમ્પ | તારીખ | સ્થળ | સમય | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ધોરણ ૧ થી ૫ (એકતરફી) | ૨૪/૦૭/૨૦૨૬ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ - જામનગર | સવારે ૧૧-૩૦ કલાકે | |

બિડાણ :

૧. પરિશિષ્ટ-૧ : જિલ્લાફેર બદલી કેમ્પ(બીજો તબક્કો)માં ઉપસ્થિત રહેવાપાત્ર થતાં ધોરણ ૧ થી ૫ના એકતરફી અરજદારોની યાદી

૨. પરિશિષ્ટ-૨ : ઉપસ્થિત રહેનાર યાદી મુજબના તમામ અરજદારોએ સાથે લાવવાના જરૂરી પ્રમાણપત્ર તેમજ આધારોની યાદી

નોંધ : બિડાણ મુજબની જરૂરી યાદી જોવા માટેની લીંક : https://www.npssjamnagar.in/jillafer_calllatter_2026.php

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
જામનગર

નકલ સાદર રવાના જાણ સારૂં :-

૧) માન, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા. ગાંધીનગર

૨) માન, કમિશ્નરશ્રી, જામનગરમહાનગરપાલિકા

૩) માન.અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જામનગર